# MyCARE

મારી સાથે, ડગલે ને પગલે



## આ રહી કેટલીક ઉપયોગી સૂચનાઓ ઇન્સ્યુલિનને સલામત રીતે સંઘરવા માટેની

USV

ઇન્સ્યુલિનને વાપરતાં પહલાં એની **સમાપ્તિની તારીખ તપાસો** અને જો એની સમાપ્તિની તારીખ વીતી ગઇ હોય તો એવા કોઇ પણ ઇન્સ્યુલિનને **વાપરશો નહીં.**



સીલ હોય એવા વાયલ/પેન/કાર્ટ્રિજને **$2^0$–$8^0$ સેંની વચ્ચે રેફ્રિજરેટ** કરવી જોઇએ.




**ફ્રીઝર** – $2^0$ સેં.ની નીચે સંગ્રહ કરશો નહીં
**મિડલ રૅક** – ઇન્સ્યુલિન સ્ટૉરેજ એરિયાને બરાબર કરો
**વેજિટેબલ ટ્રે** – $8^0$ સેં.થી ઉપર સંગ્રહ કરશો નહીં

**ઇન્સ્યુલિનને** સૂરજના
સીધા તડકામાં/કેર ગ્લૉવ કમ્પાર્ટમેન્ટ
(અત્યંત ગરમ)માં અથવા ફ્રીઝર
(અત્યંત ઠંડા)માં **સંઘરશો નહીં.**




**ઇન્સ્યુલિનને કદાપિ થીજાવી નાંખવી ના જોઇએ.**

જો ભૂલમાં થીજી જાય તો
એનો નાશ કરો.



ઉત્પાદક દ્વારા
કરવામાં આવેલી ભલામણને
**યોગ્ય રીતે અનુસરવું જોઇએ.**




## વાયલ/પેનને એક વાર ખોલી નાંખ્યા પછી એને રૂમના તાપમાન (<300 સે.)માં સંગ્રહ કરો.

એની શેલ્ફ લાઇફ રૂમના તાપમાને 4 અઠવાડિયાની હશે.





તમે વાયલ/પેન પર એની નિકાલ કરવાની તારીખને લખી શકો છો.


જો રેફ્રિજરેટર ઉપલબ્ધ ના હોય
અથવા વીજળીનો પુરવઠો
અનિયમિત હોય **તો ઈન્સ્યુલિનને
સીધા તડકાથી દૂર, ઠંડી,
હવાદાર અને અંધારી જગ્યામાં
રાખવી જોઈએ.**




ઈન્સ્યુલિનના ગળતરને રોકવા માટે દરેક વાર વાપરી લીધા પછી **સોયને** પેનમાંથી **કાઢી નાંખો.**




પ્રવાસ કરતી વખતે **ઈન્સ્યુલિન વાયલ/પેનને રેફ્રિજરેટેડ કૂલન્ટ જૅલ પૅકમાં** અથવા જો પરિસરનું તાપમાન 300 સેં.થી વધુનું અપેક્ષિત હોય તો બરફના ઠંડાગાર થર્મોફ્લાસ્કમાં **રાખો.**



હવાઈયાત્રા દરમિયાન વધુ
પડતાં તાપમાનને ટાળવા માટે
**ઇન્સ્યુલિનને ચેક્ડ-ઇન**
**બગેજમાં રાખશો નહીં.**



ઇન્સ્યુલિનને તમે સીરિંજમાં ભરો એ પહેલાં ઇન્સ્યુલિન નૉર્મલ દેખાય છે એની ખાતરી કરવા માટે **વાયલને નજીકથી તપાસો.** જો તમને એમાં કોઇ કણો, સ્ફટિકો, ‘‘ફ્રોસ્ટિંગ’’ એટલે કે બરફ જામી ગયા જેવું અથવા રંગહીન થઇ ગયું હોય એવું નજરે પડે તો એનો નાશ કરો.




**તપાસોઃ**
એમાં કણો નજરે પડે છે અથવા રંગહીન છે

**તપાસોઃ**
બરફ જામી ગયો છે અથવા સ્ફટિક અથવા ગાંઠા અથવા કણો નજરે પડે છે

**નોંધઃ** રેગ્યુલર ઇન્સ્યુલિન/ગ્લેરગીન ચોખ્ખું હોય છે અને એનપીએચ/પ્રીમિક્સ ઇન્સ્યુલિન ડહોળું હોય છે.



"યાદ રાખો,

**ઇન્સ્યુલિનનો સંગ્રહ સલામત રીતે કરવો અત્યંત અગત્યનો છે**

કારણ કે અત્યંત ગરમ અથવા ઠંડું તાપમાન હોય તો ઇન્સ્યુલિન એનો ગુણ ગુમાવે છે અને એની કામગીરીમાં વિક્ષેપ પડે છે."

# MyCARE

મારી સાથે, ડગલે ને પગલે

## સંદર્ભ


1. ઈન્સ્યુલિન સ્ટૉરેજ અને સીરિંજની સૅફ્ટી | ADA. Diabetes.org.(2022). https://www.diabetes.org/healthy-living/medication-treatments/Insulin-other-injectables/Insulin-storage-and-syringe-safetyમાંથી 6 જુલાઈ 2022 પુનઃ સ્થાપિત.

2. ચૌધરી, એસ., ઍન્ડ ચક્રવર્તી, પી.પી. (2017). એરર્સ ઑફ ઈન્સ્યુલિન થેરેપી : રિઅલ–લાઈફ એક્સપીરિયન્સીસ ફ્રૉમ ડેવલપિંગ વર્લ્ડ. જર્નલ ઑફ ફૅમિલી મેડિસિન ઍન્ડ પ્રાઈમરી કેર, 6(4), 724-729. https://doi.org/10.4103/jfmpc.jfmpc_418_16

3. ટંડન એન, કાલરા એસ, બલહારા વાયપી, બરૂઆહ એમપી, ચંધા એમ, ચંદાલિયા એચબી, એટ અલ. ફોરમ ફૉર ઈન્જેક્શન ટેકનિક ઍન્ડ થેરેપી એક્સપર્ટ રેકેમેન્ડેશન્સ, ઈંડિયાઃ ધ ઈંડિયન રેકેમેન્ડેશન્સ ફૉર બેસ્ટ પ્રેક્ટિસ ઈન ઈન્સ્યુલિન ઈન્જેક્શન ટેકનિક, 2017. ઈંડિયન જે એન્ડાક્ર મેટાબ 2017;21:600-17.



**Disclaimer:**
"The guide/presentation/content/literature is for general information, guidance and educational purposes only and is not complete or exhaustive. The guide/ presentation/content/literature is not intended or implied to replace or substitute any current practice and or advice/guidance/diet provided by healthcare professionals. This guide/presentation/content/literature does not constitute any treatment/therapy/medication/diet/opinions for any patients who are on diabetes medication, the patients are required to prior consult their healthcare professional before acting on any change on treatment/therapy/ medication/diet and or opions. USV Private Limited makes no representations as to accuracy, completeness, correctness, suitability or validity of any information contained in this guide/presentation/content/literature and will not be liable for any losses, injuries or damages arising from its use."

જનહિતમાં જારીકર્તા USV